નવી સેવા વર્ષ ૨૦૧૯-૨૦

આઇસીડીએસ યોજના અંતર્ગત ટેક હોમ રેશનના સેમ્પલનું લેબોરેટરી ટેસ્ટીંગ અને અન્ય ખર્ચ માટે વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૨૦૫/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૯/૦૮/૨૦૧૯

ઠરાવઃ-

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ પુરક પોષણ કાર્યક્રમ અંતર્ગત ૬ માસ થી ૩ વર્ષના તમામ બાળકો, ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાને દર માસે ટેક હોમ રેશન તરીકે બાલશક્તિ, પૂર્ણાશક્તિ અને માતૃશક્તિ આપવામાં આવે છે. સરકારશ્રી દ્વારા નિયત કરેલ નીતિ નિર્ધારણ મુજબ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) ના માધ્યમથી જિલ્લા ડેરી યુનિયન દ્વારા ટેક હોમ રેશનનું ઉત્પાદન કરી આંગણવાડી કેન્દ્રોમાં વિતરણ કરવામાં આવે છે. ભારત સરકારશ્રીની Standard Operating Procedure (SOP) ની માર્ગદર્શક સુચના મુજબ GCMMF દ્વારા ઉત્પાદિત ટેક હોમ રેશનના સેમ્પલનું ફરજિયાત લેબોરેટરી ટેસ્ટીંગ કરાવવાનું થાય છે. ટેક હોમ રેશનનો નિયમિત દર માસે સેમ્પલ લઇ નિયત સમય મર્યાદામાં અને નિયત કરેલ જથ્થામાં સેમ્પલ ટેસ્ટ કરવાના છે. સમયસર સેમ્પલ ફિલ્ડમાંથી લેવાય અને તેના લેબોરેટરી પરીક્ષણ થઇ સમય મર્યાદામાં મળે તે અત્યંત જરૂરી છે. લેબોરેટરી પરિક્ષણના માટે બ્લોક, જિલ્લા અને રાજ્યકક્ષા સમગ્ર તંત્રને સક્ષમ અને કાર્યક્ષમ કરવા Monitoring & Data Management for lab testing, cost for lab test, and Training and documentation for lab report વગેરે ખર્ચને પહોંચી વળવા આઇસીડીએસ યોજના અંતર્ગત ટેક હોમ રેશનના સેમ્પલનું લેબોરેટરી ટેસ્ટીંગ અને અન્ય ખર્ચને સહાય કરવા સને ૨૦૧૯-૨૦ માટે નવી બાબત વિચારણા હેઠળ હતી.

આઇસીડીએસ યોજના અંતર્ગત ટેક હોમ રેશનના સેમ્પલનું લેબોરેટરી ટેસ્ટીંગ અને અન્ય ખર્ચ માટે વર્ષ ૨૦૧૯-૨૦ ની રૂ.૧,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ પુરા)

ની નવી બાબતને નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૭) આ યોજના અંગે કોઈ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્યપદ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઈ-માર્કેટપ્લેસ (જી.ઈ.એમ.) પોર્ટલ પરથી ખરીદી કરવાની રહેશે. જો કોઈ આઇટમ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તો ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૬/૨૦૧૬ ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૮) જો કોઈ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.૦૦ લાખથી વધુ કિંમતની ખરીદી નાણા વિભાગના તા. ૧૭/૦૩/૨૦૦૩ ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.૦૦ લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૮/૦૭/૨૦૧૧ ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઈ-ટેન્ડરથી કરવાની રહેશે.

(૯) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૦) આ યોજનાના અમલ માટે કોઈ નવુ મહેકમ ઉભુ કરી શકાશે નહિ. આઉટસોર્સિંગ સેવા, ભાડેથી વાહનો સા.વ.વિ.ના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ મુજબ વખતોવખતની સૂચનાઓને આધિન રહેશે.

(૧૧) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહિ.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર : | ૧૦૬ |
| મુખ્ય સદર : | ૨૨૩૬-પોષણ |
| પેટા મુખ્યસદર | (૦૨) પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી |
| ગૌણ સદર : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર : | ૦૨ એન.ટી.આર-૨ સંકલિત બાળવિકાસ યોજના |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૯/૭/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
3. માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી "આયોજન" ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

9. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.
10. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
11. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
12. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ.
13. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
14. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
15. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
17. મહિલા અને બાળ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
18. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર – **વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.**
19. શાખા સિલેક્ટ ફાઇલ.